# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-01-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભુજ વાયુસેના ખાતે પ્રથમ સંયુક્ત તાલિમ

**ભારતીય વાયુસેના દ્વારા વાયુસેના સ્ટેશન ભુજ ખાતે સશસ્ત્ર દળો અને વહીવટી સેવાઓ વચ્ચે પ્રથમ સંયુક્ત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં સશસ્ત્ર દળોની વિવિધ એજન્સીઓ અને વહીવટી તંત્રીના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન સુરક્ષાની સમજ, આપત્તિ વ્યવસ્થાપનની પ્રેક્ટિસ અને સરહદી એકમોની પ્રત્યક્ષ મુલાકાત જેવા વ્યવહારુ તાલીમ કાર્યો કરવામાં આવ્યા હતા.**

**આ કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, બી.એસ.એફ., સેના અને કોસ્ટગાર્ડ દ્વારા વિશેષ સહયોગ આપવામાં આવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમ કચ્છ ક્ષેત્રની વિવિધ એજન્સીઓ વચ્ચે અસાધારણ સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.**

**અત્રે ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંધુર દરમિયાન ભુજમાં સશસ્ત્ર દળો, નાગરિકો અને વહીવટી તંત્ર વચ્ચેના અસાધારણ સમન્વયને જોયા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ તાલીમ કાર્યક્રમનો વિચાર આપ્યો હતો. ભુજ ખાતે આ પ્રકારનો પ્રથમ તાલીમ કોર્સ હતો અને હવે સરકાર આ કોર્સમાંથી મળેલી શીખ અને ભલામણોના આધારે આવા વધુ કાર્યક્રમો આયોજિત કરવાની યોજના બનાવી રહી છે.**

**-------------------------------------------------------------------------------------------**

## અંજાર તાલુકાની શાળાઓ શ્રેષ્ઠ જાહેર

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્ય અને જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓ જાહેર કરવામાં આવી છે જેમાં અંજારની કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઇસ્કૂલ (શહેરી) અને સરકારી હાઇસ્કૂલ

રાયધણપર (ગ્રામ્ય) એ પ્રથમ ક્રમ મેળવ્યો છે. બંને શાળાઓને એક - એક લાખનું ઇનામ આપવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે વિગતો આપતાં જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગની ટીમ દ્વારા શાળાઓની મુલાકાત લઈ વિગતો ચકાસવામાં આવ્યા ત્યાર બાદ જિલ્લાની પસંદગી સમિતિ દ્વારા ગુણાંકન રાજ્ય કક્ષાએ મોકલવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

-------------------------------------------------------------------------------------

## આંગણવાડીઓમાં કામનું નિરીક્ષણ

કચ્છ જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ જિલ્લાની આંગણવાડીઓમાં શૌચાલય, રિનોવેશન અને કંપાઉન્ડ વોલ જેવી ભૌતિક સુવિધાઓ સુદ્દઢ કરવા ખાસ ઝુંબેશ હાથ ધરાઈ છે. તાજેતરમાં ભુજ, મુંદ્રા અને લખપત તાલુકાની મુલાકાત લઈ DDOએ કામગીરીની સમીક્ષા કરી હતી.

આ મુલાકાત દરમિયાન 'પોષણ ટ્રેકર' એપ્લિકેશનમાં ડિજિટલ ડેટાની ચોકસાઈ, બાળકોના વજન-ઊંચાઈ અને પૂરક આહારની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી. 'સુપોષિત ગુજરાત'ના સંકલ્પ સાથે સ્વચ્છતા, પીવાનું પાણી અને શિક્ષણ સામગ્રી જેવી પાયાની સુવિધાઓનું સઘન મોનિટરિંગ કરી કાર્યકરોને સેવાઓ વધુ અસરકારક બનાવવા સૂચના અપાઈ હતી.

-------------------------------------------------------------------------------------

## નખત્રાણા તાલુકામાં વિકાસકામો

નખત્રાણા તાલુકામાં રૂા. 433.92 લાખના ખર્ચે નિર્માણ પામનારા તાલુકાના વિવિધ ગામોના રસ્તાકામોના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના મુખ્ય અતિથિપદે યોગી બાલકનાથજી બાપુની વિશેષ ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરાયા હતા. મોતીચોર ગામે યોજાયેલા રૂા. 197.96 લાખના ખર્ચે રસ્તાકામ, કોટડા જડોદરથી ખાંભલા મથલ ત્રણ ગામોને જોડતો માર્ગ રૂા. 202.63 રસ્તા કામનું ખાતમુહૂર્ત ખાંભલા ગામે જ્યારે હરિસિદ્ધિ નગર એક દાયકા પૂર્વે નવનિર્માણ

પામેલ ગામથી લખપત ધોરીમાર્ગને જોડતો સાથે ચિત્રાધાર ટેકરીને સાંકળતા રસ્તાના ખાતમુહૂર્તો કરાયા હતા.

---------------------------------------------------------------------------------------

## માંડવી તાલુકામાં વિકાસકામો

મુન્દ્રા તાલુકાની નાગમતી નદીનાં પાણીને સરકાર અને ખાનગી કંપનીઓના સહયોગ વડે 29 બોરને જોડીને રિચાર્જ કરવાનાં નવતર કાર્યનું તાજેતરમાં ખાતમુહૂર્ત કરાયું હતું. ભુજપુર, ઝરપરા સીમ વિસ્તારમાં જોડ તળાવ સ્થાને યોજાયેલા ખાતમુહૂર્તમાં ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ તાલુકામાં જળ સંચયનાં કાર્યો વેગ પકડી રહ્યાંનું કહીને તેને બિરદાવવા સાથે ભવિષ્યમાં વધુને વધુ કાર્ય હાથ ધરાવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં દબાણ હટાવ ઝુંબેશ

ગાંધીધામમાં ભારતનગરમાં રેલ્વે લાઈન સમાંતર પીવાના પાણીની મુખ્ય એક્સપ્રેસ લાઈન ઉપર વ્યાપક દબાણો થયા હતા. રાજવી ફાટકથી લઈને ભવાની નગર ફાટક સુધી કાર્યવાહી કર્યા બાદ અહીં રામદેવપીર મંદિર થી હનુમાન મંદિર સુધી 200 દબાણકારોને નોટિસ આપવામાં આવી હતી. ત્યાર પછી લોકોએ સ્વેચ્છાએ દબાણ દૂર કરવાનું શરૂ કર્યું હતું એ દરમિયાન સમય મર્યાદા પૂર્ણ થતા ગુરુવારે મહાનગરપાલિકાએ જેસીબી સહિતની મશીનરી સાથે કાર્યવાહી કરીને 182 અતીક્રમણ દૂર કર્યા હતા.

---------------------------------------------------------------------------------------

## હવામાન

જિલ્લામાં ગઇકાલથી ઠંડીની તીવ્રતા વધી છે. 12 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે અબડાસાનું મુખ્ય મથક નલિયા આજે રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું છે. જિલ્લા મથક ભુજમાં 14 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 16 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની

આગાહી મુજબ, આગામી 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં હજુ 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે, જેના કારણે ઠંડીમાં વધારો થશે. ગઇકાલે લખપત તાલુકામાં પડેલા માવઠાના કારણે જિલ્લામાં આજે ઠાર વર્તાઇ રહ્યો છે. વધેલી પવનની ઝડપના કારણે દિવસ દરમિયાન પણ લોકો ગરમ કપડામાં સજ્જ જોવા મળી રહ્યા છે અને મોડી સાંજથી વહેલી સવાર દરમિયાન લોકો ઘરથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------

## <u>ગાંધીધામમાં રસ્તાનું નવીનીકરણ</u>

દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા ફાળવાયેલા 12 કરોડના ખર્ચે ગાંધીધામ તેમજ આદિપુર ઝંડાચોકનું નવીનીકરણ ઉપરાંત લીલાશાહ સર્કલ અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી મહાત્મા ગાંધીની પ્રતિમા સુધીના મુખ્ય રોડને આરસીસી બનાવવાનાં કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------